Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

65

# બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓની હકારાત્મકતાનો અભ્યાસ

**પ્રીતિ ગોસાઇ**

રીસર્ચ સ્કોલર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ શહેર

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય બી.એડ.ના પ્રશિક્ષણાર્થીઓની હકારાત્મકતાની અસર ચકાસવાની હતી. આ સંશોધનમાં વ્યક્તિના વ્યક્તિત્વની હકારાત્મકતા અને નકારાત્મકતાનું વર્ણન કરતું હોવાથી આ ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન છે. વ્યવહાર તેમજ સંખ્યાત્મક પ્રકારનું હતું. વ્યાપવિશ્વ તરીકે બી.એડ. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓને હકારાત્મકતાનો અભ્યાસ કર્યો હતો. નમૂના તરીકે બી.એડ. કૉલેજ પ્રશિક્ષણાર્થીઓ સમાવેશ કર્યો હતો. શૈક્ષણિક સર્વેક્ષણ પદ્ધતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્વ-રચિત તૈયાર ઉપકરણનો ઉપયોગ કરવામા આવ્યો હતો.

## શિક્ષણ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓની હકારાત્મકતાનો અભ્યાસ

### 1.0 પ્રસ્તાવના

બાળકના સર્વાંગી વિકાસ માટે ઘણાં પાસાઓ ઉપર ધ્યાન આપવામાં આવે છે. જેમ કે તેનો ખોરાક, શિક્ષણ વગેરે પણ સૌથી અગત્યનું પાસુ હોય તો તે તેમની અંદર રહેલી હકારાત્મકતા છે. જો બાળકને નાનપણથી જ હકારાત્મકતા વિકસાવવામાં આવશે તો તે જીવનની ઘણી આકસ્મિક પરિસ્થિતિઓનો સામનો કરી શકશે. આધુનિક યુગમાં માનવ યંત્રવત થઇ ગયો છે. સૌથી વધુ થાક તેમના નકારાત્મક વિચારોનો લાગે છે. આથી જો તેની હકારાત્મકતા પર વધુ ધ્યાન આપવામાં આવે તો તે જીવનને સારી દ્રષ્ટિથી જોઈ શકાશે.

બાળપણથી આપણે જાતજાતના નિષેધોમાં ઘેરાતા રહીએ છીએ. બાળકને મોટેભાગે જે સૂચનાઓ અપાય છે એ નકારમાં જ અપાય છે. 'મોટેથી બોલવાનું નહિં', 'ડાબા હાથે ખોરાક લેવાનો નહિ', 'મોટેથી રડવાનું નહિ', 'બહુ ખા-ખા કરવાનું નહિ' વગેરે, પરંતુ આ જ વાત હકારાત્મક રીતે પણ શીખવી શકાય છે જેમ કે 'ધીમેથી બોલીએ તો બધાને ખૂબ સારું લાગે', 'બીજા બધા જમણા હાથ ખાય છે તો આપણે પણ જમણા હાથે ખાઈએ તો સારું લાગે', 'રડવું આવે તો ધીમેથી રડાય', 'ભાવતી વસ્તુ ખવાય પ થોડી ખવાય.' મનોવિજ્ઞાન પણ કહે છે કે હકારાત્મક સૂચનો હંમેશા ધારદાર અસર કરે છે, પરંતુ આપણા નકારાત્મક સૂચનોની અસર કેટલી ઘાતક નીવડે છે એનો આપણે અંદાજ પણ હોતો નથી. ડાબા હાથે ખાનાર બાળકને એમ નહિ કરવા ધમકાવવામાં અથવા એના ડાબા હાથ પર મારવામાં આવે તો એ કદાચ જમતી વખતે ડાબા હાથનો ઉપયોગ કરવાનું બંધ તો કરશે, પરંતુ એથી એના મનમાં ઊંડા ખૂણે ડાબા હાથ તરફ અપરાધભાવ થશે, એટલું જ નહિ, જમણા હાથ પ્રત્યેના આહોભાવ જાગશે નહિ. લાંબાગાળે આવી વિચારશ્રેણી વ્યક્તિના નબળા પાસા તરીકે વિકસે છે.

ડેલ કાર્નેગીએ એક બહુ સરસ વાત કરી છે. નકારાત્મક વાતની શરાત પણ હકારાત્મક રીતે થવી જોઈએ. નકાર રસ્તો બંધ કરી દે છે. જ્યારે હકાર રસ્તા ખોલી આપે છે. નકાર આત્મવિશ્વાસને હણી લે છે, જ્યારે હકાર આત્મવિશ્વાસનો ગુણાકાર કરે છે. સવાલ માત્ર એવી દ્રષ્ટિનો જ છે. સફળ મામસ અને સુખી માણસ પોતાના જીવનની ઉણપો અને નિષ્ફળતાઓને એક બાજુએ મૂકીને સિદ્ધિઓ અને સફળતાઓને નજર સમક્ષ રાખે છે. હકારાત્મકતા જ સુખ અને સફળતાનો રાજમાર્ગ છે.

## 2.0 સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન હતું.

## 3.0 સંશોધન પ્રકાર

વ્યવહારુ અને સંખ્યાત્મક પ્રકારનું હતું.

## 4.0 અભ્યાસનો હેતુ

હકારાત્મકતાની જાતીયતા પર અસર તપાસવી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**5.0 ઉત્કલ્પના / પ્રશ્નો**

સ્ત્રી તાલીમાર્થીઓ અને પુરુષ તાલીમાર્થીઓને હકારાત્મકતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**6.0 ચલ**

સ્વતંત્ર ચલ : જાતીયતા (પુરૂષ અને સ્ત્રી)

પરતંત્ર ચલ : પરતંત્ર ચલ તરીકે હકારાત્મક કસોટી પર પ્રાપ્તાંક કરેલા પ્રાપ્તાંકો હતા.

**7.0 વ્યાપવિશ્વ અને નમૂનો**

બી.એડ. કૉલેજમાં અભ્યાસ કરતા સ્ત્રી તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓનો સમાવેશ કર્યો હતો. જેમાં બી.એડ. કૉલેજના પુરુષ 63 અને સ્ત્રી 176નો સમાવેશ કર્યો હતો.

**8.0 સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ હતી.

**9.0 ઉપકરણ**

સ્વરચિત ઉપકરણનો ઉપયોગ કર્યો હતો. જેમાં 51 વિધાનો હતા.

**10.0 માહિતી એકત્રીકરણ**

સંશોધકે બી.એડ. કૉલેજમાં અભ્યાસ કરતા 239 પાત્રો પાસેથી જુદી જુદી કૉલેજમાં જઇને ઓનલાઇન માહિતી એકત્રીકરણ કર્યું હતું.

**11.0 માહિતી પૃથક્કરણ પ્રવિધિ**

ટી-કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar


## 12.0 માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ

**સારણી-1**

**જાતીયતા અનુસાર અને જૂથના સરેરાશ વચ્ચેના તફાવતની સાર્થકતા**


| જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|
| પુરૂષ | 63 | 192.51 | 12.348 | 1.390 |
| સ્ત્રી | 176 | 194.40 | 7.877 | - |

સારણીનું અવલોકન કરતા જાણવા મળે છે કે કૉલેજના વિધાર્થીઓમાં 176 સ્ત્રી અને 63 પુરૂષ તાલીમાર્થીઓ એમ 339 પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં સ્ત્રી તાલીમાર્થીઓની સરાસરી 194.40 અને પુરૂષ તાલીમાર્થીઓની સરાસરી 192.51 હતી. કન્યાનું પ્રમાણવિચલન 7.877 અને કુમારોનું પ્રમામવિચલન 1ઘ.348 હતું બંનેનું ટી-મૂલ્ય 1.390 જોવા મળ્યું હતું 0.05 કક્ષાએ પણ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.










**13.0 તારણો**

સ્ત્રી અને પૂરૂષ તાલીમાર્થીઓની હકારાત્મકની સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે નહીવત તફાવત જોવા મળ્યો હતો. જે તફાવત મળ્યો તે આકસ્મિક રીતે મળતો હતો.

## સંદર્ભ સૂચિ

— ઉચાટ, ડી.એ. (2012). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃત્તિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

— ઉચાટ, ડી.એ. (1988) સંશોધનનું સંદોહન, રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

— ઉચાટ, ડી.એ. (1988) સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર. દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (1992). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (5 મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

— દોંગા, અન. એસ. (2012) અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

— ઝાલ, જી. બી. (2016), અનુસ્નાતક વિદ્યાર્થીઓના પ્રેરણતરેહ અને સમાયોજનનો અભ્યાસ, અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.